ક્રમાંક:રાપબો/SAT/૨૦૨૩/4775-4883

રાજ્ય પરીક્ષા બોર્ડ
સરકારી પુસ્તકાલયની સામે,
સેક્ટર – ૨૧, ગાંધીનગર
તા:૦૪/૦૮/૨૦૨૩

પરિપત્ર:

વિષય: "ખેલ અભિરૂચિ કસોટી (SAT)" – ૨૦૨૩ માં વય મર્યાદામાં સુધારા બાબત.

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૨૮-ક (પાર્ટ). તા:૧૦/૦૭/૨૦૨૩

(૨) અત્રેની કચેરી દ્વારા તા:૧૩/૦૭/૨૦૨૩ પ્રસિદ્ધ કરેલ જાહેરનામુ

(3) શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક:ED/GES/e-file/3/2023/0412/G-1

શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૨૮-ક (પાર્ટ). તા:૧૦/૦૭/૨૦૨૩ નાં અનુસંધાને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ક્રમાંક:રાપબો/SAT/૨૦૨૩/૯૯૭૯-૧૦૦૮૬, તા:૧૩/૦૭/૨૦૨૩ થી "ખેલ અભિરૂચિ કસોટી (SAT) - ૨૦૨૩" નું વિગતવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક:ED/GES/e-file/3/2023/0412/G-1 થી "ખેલ અભિરૂચિ કસોટી (SAT) - ૨૦૨૩" માટે ઉમેદવારની મહત્તમ વય મર્યાદા ૩૮ વર્ષ કરવામાં આવેલ છે. જે અનુસાર "ખેલ અભિરૂચિ કસોટી (SAT) - ૨૦૨૩" માં ૩૮ વર્ષથી વધુ વય ન હોય તેવા ઉમેદવાર ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરી શકશે.

રાજ્ય પરીક્ષા બોર્ડનાં તા.૧૩/૦૭/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/SAT/૨૦૨૩/૯૯૭૯-૧૦૦૮૬ અનુસાર રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો કરવાનો સમયગાળો તા:૧૯/૦૭/૨૦૨૩ થી ૦૪/૦૮/૨૦૨૩ સુધીનો હતો. શિક્ષણ વિભાગનાં ઠરાવમાં વય મર્યાદાનાં સુધારાને ધ્યાને લઈ "ખેલ અભિરૂચિ કસોટી (SAT) - ૨૦૨૩" નાં રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન તારીખ:૦૯/૦૮/૨૦૨૩ સુધી **www.sebexam.org** પર ભરી શકાશે અને નેટ બેંકિંગ મારફત ફી તા:૧૦/૦૮/૨૦૨૨૩ સુધી ભરી શકાશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા વિનંતિ.

રાજ્ય પરીક્ષા બોર્ડનાં તા.૧૩/૦૭/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/SAT/૨૦૨૩/૯૯૭૯-૧૦૦૮૬ ની અન્ય જોગવાઈ યથાવત રહેશે.

આ પરીક્ષા સબંધિત અન્ય વિગતો જેવી કે પાત્રતા, પરીક્ષાનો અભ્યાસક્રમ, માળખું વગેરે **www.sebexam.org** વેબસાઇટ પર જોઈ શકાશે. તેમજ પરીક્ષા સંબંધિત વિગતોથી સતત માહિતગાર થવા માટે આ વેબસાઇટ જોતા રહેવાનું રહેશે.

સ્થળ: ગાંધીનગર
તા: ૦૪/૦૮/૨૦૨૩

(પી.કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી. તમામ.
- એસ.આઈ.ઓ.શ્રી. એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજરશ્રી. બીલડેસ્ક. અમદાવાદ.

નકલ સવિનય રવાના જાણ સારૂ :

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રીનાં અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.